<u>ફોજદારી કેસ નં. 96747-2018</u>

## <u>–: આંક–૧ નીચે હુકમ :–</u>

આ કામે આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. જેમાં ફરીયાદપક્ષનો આક્ષેપ છે કે આરોપીના કબજામાંથી પાસ પરમીટ વગર દારૂ મળી આવેલ. જેથી કલમ–૬૫(ઈ) નું તહોમત મુકવામાં આવેલ છે. ચાર્જશીટ સાથે સામેલ તમામ પેપરો ઘ્યાને લેવામાં આવે તો તેમાં ફરીયાદ, પંચનામું અને સાક્ષીના નિવેદન છે પરંતુ આરોપીના કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ હતો તે અંગે એફ.એસ.એલ.નો પૃથ્થકરણ રિપોર્ટ રજુ રાખેલ નથી. જે અંગે એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે ચાલુ ટ્રાયલે તે રજુ થઈ શકે જેથી હાલ પૃથ્થકરણ રિપોર્ટની જરૂરીયાત નથી. અત્રેની કોર્ટ એ.પી.પી.શ્રીની આ રજુઆત સાથે સહમત નથી કારણ કે જયારે કોઈ પણ આરોપી વિરુધ્ધ ચાર્જ ફરમાવવામાં આવે ત્યારે ચાર્જશીટ સાથે સામેલ ડોકયુમેન્ટને ઘ્યાને રાખીને જ ચાર્જ ફરમાવવાનો હોય છે. ભવિષ્યમાં ટ્રાયલ દરમ્યાન ડોકયુમેન્ટ રજુ થશે તેવી અપેક્ષાએ ચાર્જ ફરમાવી શકાય નહિ. ફરીયાદપક્ષની જવાબદારી છે કે આરોપી સામે જયારે ચાર્જશીટ રજુ કરે ત્યારે તેના વિરુધ્ધના તમામ પુરાવા જે ઉપલબ્ધ હોય તે રજુ કરી દેવા જોઈએ. પોલીસ એવી કાર્યવાહી અપનાવી શકે નહિ કે અડધો પુરાવો ચાર્જશીટ સાથે રજુ કરે અને બાકીનો પુરાવો ચાલુ ટ્રાયલે રજુ કરે. જેથી આરોપી સામે ચાર્જ ફરમાવવો જેટલો પુરાવો હાલ જણાતો નથી.

**નામ.સુપ્રીમ કોર્ટે સ્ટેટ એન્ટી કરપ્શન બ્યુરો વિ.પી.સૂર્યપ્રકાશમ (૨૦૦૮) ૧૪, એસ.સી.સી.પેજ નં.૧૩** ઉપર જણાવેલ છે કે કોર્ટે ચાર્જ ફરમાવતી વખતે ચાર્જશીટ સાથે રજુ કરેલ ડોકયુમેન્ટને ઘ્યાને રાખવાનાં હોય છે. જેથી આ કામે ચાર્જશીટ સાથે સામેલ ડોકયુમેન્ટને જોવામાં આવે તો તેમાં લેબોરેટરીનો પૃથ્થકરણ રિપોર્ટ સામેલ રાખેલ નથી. ચાર્જશીટમાં લેબોરેટરીમાં પૃથ્થકરણ કરનારને સાક્ષી તરીકે દર્શાવેલ છે પરંતુ તેનુ નામ પણ જણાવેલ નથી. તેવી જ રીતે તે પૃથ્થકરણનો રિપોર્ટ પણ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. જેથી માત્ર ચાર્જશીટમાં સાક્ષી તરીકે નામ દર્શાવવાથી આરોપી પાસેથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હતો તેવું અનુમાન કરી શકાય નહિ. તે માટે ફરીયાદપક્ષે ચાર્જશીટ સાથે લેબોરેટરીનો પૃથ્થકરણનો રિપોર્ટ સામેલ રાખવો જરૂરી છે કે આરોપીના કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હતો. જે આ કામે ફરીયાદપક્ષ સામેલ રાખવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે આવા અધુરી તપાસના આધારે આરોપી વિરુધ્ધ ચાર્જ ફરમાવી શકાય નહિ/જેથી આ કામે આરોપી સામેના ચાર્જ અલ્ટર કરવો જરૂરી જણાય છે અને ચાર્જ અલ્ટર કરી બિનતહોમત છોડી મુકવા માટે યોગ્ય જણાય છે. કારણ કે ચાર્જશીટ સાથેના પેપેરોને ઘ્યાને રાખતાં મળી આવેલ પ્રવાહીનો જથ્થો દારૂ હતો તેવુ પ્રથમદર્શનીય રીતે સ્થાપિત થતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ : ૨૩૯ મુજબ આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. 11/11/2025

(વિપિન કુમાર બંસલ)<br>
35માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩<br>
કોર્ટ નં. ૪૦, અમદાવાદ શહેર

**Prohi-65(E)discharge**